
# શહેરમાં મોરબી હોનારત "ટોક ઓફ ધ ટાઉન"

## ચોરેને ચૌટે મોરબી દુર્ઘટના અંગે જ ચાલતી ચર્ચાઓ : મૃતકો પ્રત્યે સંવેદના સાથે બેદરકાર તંત્ર તરફ પોતાનો ભારે આક્રોશ વ્યક્ત કરતાં નાગરિકો

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતના મોરબી ખાતે મચ્છુ નદી પરનો ઝુલતો પુલ તુટવાથી સર્જાયેલી કરૂણાંતિકામાં ૧૩૦થી વધુ નાગરિકોએ જીવ ગુમાવ્યાં છે અને મૃતકોનો આંકડો વધતો જઈ રહ્યો છે. આ દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી મુક્યો છે અને ગાંધીનગરમાં પણ મોરબીની ગોઝારી ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે. પાટનગરમાં હાલ ચોરેને ચૌટે મોરબી દુર્ઘટના અંગે જ ચર્ચાઓ ચાલતી જોવા મળે છે અને સમગ્ર ઘટના "ટોક ઓફ ધ ટાઉન" બનવા પામી છે જેમાં નાગરિકો મૃતકો પ્રત્યે સંવેદના સાથે બેદરકાર તંત્ર તરફ પોતાનો આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે.



આજથી ૪૩ વર્ષ પૂર્વે મોરબી ખાતે તા.૧૧મી ઓગસ્ટ ૧૯૭૯નો દિવસ કાળજુ કંપાવનારી હોનારત લઈને આવ્યો હતો. મચ્છુ ડેમ તૂટવાની કરૂણ ઘટના હજુ પણ ગુજરાતના નાગરિકોના માનસપટ પરથી ભુંસાઈ નથી ત્યાં ગઈ કાલે તા.૩૦મી ઓકટોબર ૨૦૨૨ના રોજ મોરબી ખાતે વધુ એક દુર્ઘટનાએ સમગ્ર દેશના નાગરિકોને શોકમગ્ન કરી મુક્યાં છે. ફરી એકવાર મચ્છુ નદીના જળમાં અને જીવ હોમાયાં છે જેના પગલે સૌ કોઈ વ્યથિત છે. ગાંધીનગરમાં આજે ચાની કિટલી હોય કે પાનનો ગલ્લો હોય, સોસાયટીના નાકે કે પછી મંદિરના ઓટલે દરેક સ્થળે એકઠાં થતા નાગરિકોમાં ચર્ચાનો મુદ્દો એક માત્ર મોરબી દુર્ઘટના જ છે. કોઈક કહે છે કે મોરબીને જળઘાત છે તો કોઈક કહે છે આ હત્યાકાંડ છે. ઝુલતા પુલને ૧૫ વર્ષના આયુષ્યની ગેરંટી આપવામાં આવી હતી તો ઉદઘાટનના પાંચ દિવસમાં જ પુલ કેમ તુટી ગયો? પુલ પર કેપેસિટી કરતાં વધુ નાગરિકોને પ્રવેશ કેમ આપવામાં આવ્યો? પુલ ઝુલતો જ હતો તો કેટલાંક લોકોના હલાવવાથી કેવી રીતે તુટી જાય?

શું આ હોનારત માટે જવાબદાર તત્વો સામે પગલાં લેવાશે કે પછી અત્યારે ધરપકડના નાટકો કરીને પછી અન્ય દુર્ઘટનાઓની જેમ સમય જતાં ભીનું સંકેલી લેવાશે? આ દુર્ઘટનાને કારણે આગામી ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારની બેઠકો છે જે સરકાર રચવામાં મહત્વપૂર્ણ ગણાય છે તેના પર કેવી અસરો પડશે? આવાં તો અનેક સવાલો આ ચોરેને ચૌટે પુછાઈ રહ્યાં છે. અત્યારે શહેરના નાગરિકોના સોશિયલ મિડીયા એકાઉન્ટ પર પણ મોરબી હોનારત અંગે અનેક પોસ્ટ જોવા મળી છે અને આક્રોશ વ્યક્ત કરાઈ રહ્યો છે.



ગાંધીનગરમાં ગ-૨ સર્કલ પાસે સેક્ટર-૪ડીના કોર્નર પાસે માધવ ફ્લેટની સામે પ્લોટ નં.૯૦૩/૧ નજીક નાગરિકોના આવનજાવનના રસ્તાની બંને તરફના બે વૃક્ષોને મૂળમાંથી ઉધઈ લાગી જવા પામી છે જેના કારણે તે ગમે ત્યારે પડી જાય તેવી શક્યતા હોવાથી મોટો અકસ્માત સર્જાવાની ભીતિ છે. આ કારણે આસપાસના રહીશો દ્વારા બંને વૃક્ષોને પાડી નાંખવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી રહ્યાં છે.

## ભારતીબાપુની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથા

ગાંધીનગર, તા. ૩૧

ખેરાલુ ગામે તારીખ ૩૧ થી ૬ નવેમ્બર સુધી બપોરે ૧ થી ૫ વાગ્યે ભારતીબાપુની વ્યાસપીઠે રાજેન્દ્રભાઈ રેવાશંકર જોષી પરિવારના ત્યાં 'શ્રીમદ્ ભાગવત કથા'નો પ્રારંભ થયો છે.





જલારામ બાપાની ૨૨૩મી જયંતિની ઉજવણી શહેરમાં ઉલ્લાસભેર કરવામાં આવી હતી. સેક્ટર-૨૯ જલારામ મંદિરથી શોભાયાત્રા યોજાઈ હતી. જેનું પ્રસ્થાન ડે. મેયર તેમજ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને કરાવ્યુ હતુ.

## સે.૨૨માં બિસ્માર માર્ગોને કારણે વાહનચાલકો પરેશાન



ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના હાર્દ સમા સેકટર-૨૨માં બિસ્માર માર્ગોને કારણે વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. નવી ગટર-પાણીની પાઈપલાઈન સહિતના વિવિધ વિકાસ કાર્યોને પગલે કરાયેલાં ખોદકામ બાદ અપુરતા માટી પુરાણ અને રોડના યોગ્ય મરામતના અભાવે બિસ્માર બનેલાં માર્ગો પર હાંકવું તો ઠીક પરંતુ પાર્ક કરવું પણ સમસ્યારૂપ બન્યું છે, મોટાભાગની સોસાયટીઓના આંતરિક માર્ગો પણ અત્યંત ઉબડખાબડ છે.

પંચદેવ મંદિરથી ગીતા કેમિસ્ટ થઈને જૈન મંદિર તરફ જતાં મુખ્ય માર્ગ પરના ખાડાઓ અને વારંવાર સર્જાતા ટ્રાફિક જામને કારણે અહીંથી પસાર થવું પણ વાહનચાલકો માટે માથાના દુઃખાવારૂપ બન્યું છે.



મોરબીમાં પૂલ તુટવાથી બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા સ્વજનોને કોંગ્રેસ દ્વારા શ્રદ્ધાંજલી પાઠવવામાં આવી હતી. કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાયેલ આ શ્રદ્ધાંજલી કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




મોરબીમાં મચ્છુ નદી પર કેબલ બ્રિજ તુટવાથી સર્જાયેલી કરુણાંતિકાએ સમગ્ર ગુજરાતને હચમચાવી મુક્યુ છે. આ દુર્ઘટનામાં ૧૩૦થી વધુ નાગરિકોએ અકાળે જીવ ગુમાવ્યાં છે. આ મૃતકોને શ્રદ્ધાંજલી આપવાના હેતુથી આજે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીના રણજીતસિંહ વાઘેલાની આગેવાનીમાં પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા પેથાપુર ખાતે કેન્ડલ માર્ચ યોજી હતી.



ગાંધીનગર, તા.૩૧

લોખંડી પુરૂષના નામથી લોકલાડિલા એવા યુગપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિના ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામે આવેલી શ્રી સર્વોદય આરોગ્ય મંડળ સંચાલિત શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલને દર્દી ભાઈ-બહેનોની સેવા અર્થે ત્રણ સ્પેશીયલ રૂમ તથા ઓપરેશન પહેલા ફેફસાંની ફિટનેશ માટે નાબાર્ડ દ્વારા વિનામૂલ્યે આપવામાં આવેલ મશીન રાહતદરે લોકસેવામાં અર્પણ કરીને પોતાના માનવસેવા યજ્ઞનું વિસ્તૃતિકરણ કરેલ છે. આ શુભ પ્રસંગે શ્રી સચ્ચિદાનંદ સંપ્રદાયના પૂજ્ય ગુરૂવર્ય સ્વામી સુરેશાનંદ સાગરજી મહારાજના વરદહસ્તે ત્રણ સ્પેશીયલ રૂમ તથા નાબાર્ડ દ્વારા આપવામાં આવેલ ફિટનેશ મશીનનું અમારી સંસ્થાના સફાઈ સેવિકા શ્રીમતિ જયાબેન કાળાભાઈ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી રમેશભાઈ પટેલ, સહમંત્રી વિનાયકભાઈ પટેલ, ગામ આગેવાનો તથા સંસ્થાના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.



જલારામ મંદિર ખાતે જલારામ બાપાની જયંતિ નિમિત્તે અંન્નકુટ ભગવાન જલારામને ધરાવાયો હતો અને મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવ્યા હતા.



ગુજરાતના પનોતા પુત્ર એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મ જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર સમાજ દ્વારા વિધાનસભા પટાંગણમાં પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

## માણસામાં બે કેસ કોરોનાના નોંધાયા : બન્ને મહિલા દર્દી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગ્રામ્ય વિસ્તારમાં એક સપ્તાહ બાદ કોરોનાના કેસોએ દેખા દીધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બન્ને કેસ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનથી જ કેસો નોંધાઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. લોકલ ટ્રાન્સમિશનને નાથવા સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા સાથે કોરોના ગાઈડલાઈનના પાલન માટે તેમજ વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા માટે તંત્રએ સૂચનાઓ આપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાને લઈ પણ તંત્ર ચિંતીત છે. આજે બન્ને કેસ માણસા તાલુકામાં નોંધાયા છે. માણસાના મકાખાડ ગામે ૨૮ વર્ષીય મહિલા તેમજ માણસા શહેરમાં ૩૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આપ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭૨ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. શહેર-જિલ્લામાં મોટા ભાગના દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોઈ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવી છે.



આખુ વર્ષ નિરોગી અને સ્વસ્થ રહી શકાય તે માટે શિયાળામાં જોગીંગ અને વોકીંગ કરનારાઓની સંખ્યા વધી જાય છે. શિયાળા દરમ્યાન કરવામાં આવતી શારીરિક પ્રવૃત્તિઓ ઉર્જા પૂરી પાડે છે. શિયાળાનું ધીમા પગલે આગમન શરૂ થયુ છે. ત્યારે શહેરના બગીચાઓમાં ભીડ જામવા માંડી છે. સેન્ટ્રલવિસ્ટાના બગીચામાં મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે.